## સમાજનું બંધારણ અને ધારાધોરણો :

### ૧. નામ :

આ સમાજનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રહેશે.

### ૨. મુખ્ય કાર્યાલય :

આ સમાજનું મુખ્ય કાર્યાલય નખત્રાણા - કચ્છ ખાતે ના શ્રી પાટીદાર વિદ્યાર્થીભવનમાં રહેશે. સમાજ દ્વારા સંચાલિત પેટા સંસ્થાઓના રોજબરોજની વહીવટી સુગમતા માટે બીજાં કોઈ પણ સ્થળોએ પેટા કાર્યલયો ખોલી શકાશે.

### ૩. હિસાબી વર્ષ :

આ સમાજનું હિસાબી વર્ષ ૧લી એપ્રિલથી ૩૧માર્ચ સુધીનું રહેશે.

### ૪. ઉદ્દેશો અને હેતુઓ :

આ સમાજ નીચે મુજબના ઉદ્દેશો તેમજ હેતુઓ પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે.

- સમાજના મુખ્ય ઉદ્દેશ કચ્છ તેમજ કચ્છ બહાર કોઈ પણ જગ્યાએ રહેતા કચ્છ કડવા પાટીદાર ભાઈબહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, સંગઠન, સહકાર અને ઐકયની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

- સમયોચિત સામાજિક રીત રિવાજોમાં સુધારાવધારા કરી એક બીજાને વધારેમાં વધારે ઉપયોગી થઈ શકાય તેમજ સમાજના રીત રિવાજોમાં એકરૂપતા સ્થાપાય તેવા પ્રયત્નો કરવા.

- સમાજમાં કેળવણીનો વધારેમાં વધારે પ્રચાર અને પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.

- સમાજના આર્થિક દ્રષ્ટ્રિએ નબળાં ભાઈબહેનોને મદદરૂપ થવું.

- સામાજિક ન્યાય ઝડપી અપાવવા પ્રયત્નો કરવા.

- સમાજમાં નૈતિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રિય ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

- જ્ઞાતિ-હિતના દરેક પ્રકારનાં કાર્યો કરવાં.

### ૫. પ્રવૃતિઓ :

ઉપયુકત ઉદ્દેશો અને હેતુઓ પાર પાડવા સમાજ વખતો વખત, સમયોચિત નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરશે.

- જ્ઞાતિ ભાઈબહેનોના હિતાર્થે પરસ્પર પ્રેમ, સહકાર, સંગઠ્ઠન અને ઐક્ય વધે તે માટે સ્નેહ સંમેલનો, ચર્ચા સભાઓ, જ્ઞાતિ અધિવેશનો (પરિષદો) તેમજ વિદ્વાન અને આગેવાન વ્યક્તિઓનાં સામાજિક વ્યાખ્યાનો યોજવાં અને તેવી અન્ય પ્રવૃતિઓમાં સાથ અને સહકાર આપવો.

- જ્ઞાતિના સામાજિક રીત રિવાજોમાં એકરૂપતા જળવાય તેવા પ્રયત્નો કરવા અને સમયોચિત સુધારા વધારા કરી સમાજે પસાર કરેલ નિયમોનું પાલન કરાવવા પ્રયત્નો કરવા.

- જ્ઞાતિનાં બાળકોને કેળવણી માટે સગવડતા અને પ્રોત્સાહન મળે તે માટે વિદ્યાર્થી છાત્રાલયો તેમજ કન્યા છાત્રાલયો, સ્કૂલો, કોલેજો સ્થાપવી તેમજ સંચાલન કરવું અને ચાલુ સંસ્થાઓનો યોગ્ય વહીવટ કરી વિદ્યાર્થી

- વિદ્યાર્થિનીઓ ને દરેક પ્રકારની સહાયતા કરવી.

- જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પાસેથી સહાય મેળવી શકશે, સંચાલન મતે જરૂરી મદદ મેળવી શકશે અને સંજોગોવસાત જરૂર જણાશે તો સંસ્થાનો વહીવટ પણ જ્ઞાતિ સંસ્થાને સોંપી શકશે.

- સમાજની આર્થિક તેમજ સામાજિક પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરવા અને આર્થિક  દ્રષ્ટ્રિએ નબળાં ભાઈબહેનોને યોગ્ય સહાયતા કરવી.

- સમાજની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો વહીવટ કરવો અને સમાજની આવી મિલકતો વધે તેવા પ્રયત્નો કરવા આ માટે યોગ્ય દાન અને ભેટો સ્વીકારવાં.

- સમાજની કોઈપણ વ્યક્તિએ વિશિષ્ટ સિદ્દિ મેળવેલ હોય તેઓનાં સન્માન કરવાં તેમજ યોગ્ય પારિતોષિક આપવાં.

- સમાજના ઉદ્દેશો પાર પાડવા સમાજની અનુકૂળ શરતોએ કોઈપણ પ્રકારનાં દાનની રકમો, બક્ષીસો અને મિલકતો સ્વીકારવી.

- સામાજિક ન્યાય અપાવવા ન્યાય સમિતિ જેવી સમિતિઓની સ્થાપના કરી ઝડપી ન્યાય મળે તેવા પ્રયત્નો કરવા.

- જ્ઞાતિજનોને આરોગ્ય તેમજ તબીબી ક્ષેત્રે મદદરૂપ થવા જરૂરી પ્રયત્નો કરવા.

- સમાજમાં નૈતિકતા ધાર્મિકતા અને રાષ્ટ્રીયતા વધે તે માટે સાંસ્કૃતિક ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન કરવું તેમજ વિદ્વાનોનાં પ્રવચનો અને ચર્ચા સભાઓનું આયોજન કરવું.

- સમાજનાં ભાઈબહેનોમાં સામાજિક આધ્યાત્મિક તેમજ રાષ્ટ્રિય ભાવના કેળવવા જરૂરી પ્રયતનો કરવા.

- સમાજના ભાઈબહેનોનો સર્વાંગી વિકાસ થાય તેવાં જ્ઞાતિ હિતનાં જરૂરી એવાં દરેક પ્રકારનાં કાર્યો કરવાં.

## ૬. વ્યાખ્યા :

આ બંધારણમાં વાપરવામાં આવેલ શબ્દ-શબ્દોનો અર્થ પૂર્વાપર સબંધની વિરૂધ્ધ ન હોય તો નીચે મુજબ રહેશે.

- સમાજઃ સમાજ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

- જ્ઞાતિ : જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર અને તેમનાં વંશજો.

- સભ્ય : સભ્ય એટલે કચ્છ કડવા પાટીડાર સમાજની પુખ્તવયની વ્યકિત

- એક વચનના શબ્દો વપરાયા હોય ત્યાં બહુવચનનો પણ વપરાશ થયેલો ગણાશે.

## ૭. સભ્યપદ મેળવવાની યોગ્યતાઓ અને શરતો :

સમાજની ૧૮ વર્ષથી ઉપરની ઉમંરની કોઈપણ વ્યકિત, ગમે ત્યાં રહેતી હોય તે આ સમાજની સભ્ય બની શકશે.

## ૮. સભ્યપદના પ્રકાર :

સમાજનું સભ્યપદ નીચે મુજબનું રહેશે.

- સામાન્ય સભ્ય : વાર્ષિક રૂા. ૫૧ (એકાવન) આપી ૧૮ વર્ષથી ઉપરની ઉમરની સમાજની કોઈપણ વ્યકિત સામાન્ય સભ્ય બની શકશે.

- આજીવન સભ્ય : એક સાથે અને એક સમયે રૂા. ૫૦૧ આપી સમાજના આજીવન સભ્ય બની શકે છે.

- પ્રતિનિધિ આજીવન સભ્ય : કચ્છ તેમજ કચ્છ બહાર સ્થાપાયેલ જ્ઞાત્તિનત્ત સમાજો રૂ. ૧૧૧૧ આપી સમાજના પ્રતિનિધિ આજીવન સભ્ય બની શકે છે. આવા સભ્ય બનેલ સમાજ ઠરાવેલ પ્રતિનિધિ મોકલાવી સમાજનું પ્રતિનિધિત્વ કરી શકશે.

- મુરબ્બી સભ્ય : એક સાથે અને એકી સમયે રૂ. ૫૧૧૧૧ કે તેથી વધુ રકમ આપનાર વ્યકિત આ સમાજના મુરબ્બી સભ્ય ગણાશે.

- માનનીય સભ્ય : એક સાથે અને એકી સમયે રૂ. ૨૫૧૧૧ કે તેથી વધુ રકમ આપનાર વ્યકિત આ સમાજના માનનીય સભ્ય ગણાશે.

- શુભેચ્છક સભ્ય : એક સાથે અને એકી સમયે રૂ. ૧૧૧૧૧ કે તેથી વધુ રકમ આપનાર વ્યકિત આ સમાજના શુભેચ્છક સભ્ય ગણાશે.

## ૯. સભ્યપદની સમાપ્તિ :

૧. સભ્યના મૃત્યુથી તેમજ લેખિત રાજીનામું આપ્યાથી સભ્યપદ સમાપ્ત થયેલું ગણાશે.

૨. સમાજની કારોબારી સમિતિને કોઈપણ પ્રકારના સભ્યનું વર્તન સમાજના ઉદ્દેશો વિરૂધ્ધનું લાગે તો કારોબારી સમિતિ તેવા સભ્યને તે વર્ષ કે વર્ષો પૂરતા સભ્યપદના હક્કોથી વંચિત રાખી શકશે. આવા અહિતકારી વર્તણૂંક માટે તેવા સભ્યને ખુલાસો આપવાની તક આપવામાં આવશે પરંતુ કારોબારી સમિતિએ આ બાબતે લીધેલ નિર્ણય આખરી ગણાશે

અને તેવી વ્યકિતને તે બાબતે કોઈપણ જાતનો દાવો કરવાનો હક્ક રહેશે નહી. કારોબારી સમિતિને આમ સભ્યપદેથી વંચિત થયેલ સભ્યનું વર્તન સુધર્યુ જણાય તો તેની વ્યકિતનું સભ્યપદ ચાલુ કરી સભ્યપદના હક્કો આપી શકશે.

નોધ : સભ્ય તરીકે બંધ થયેલ કોઈપણ પ્રકારના સભ્યને કોઈપણ રકમ કે લવાજમ પાછું આપવામાં આવશે નહિં.

## ૧૦. મતાધિકાર :

- સમાજના દરેક પ્રકારના સભ્યને મતાધિકારનો હક્ક સમાન રહેશે.

- સભ્ય જાતે સભામાં હાજર રહી એક વખતે એક જ મત આપી શકશે.

- જે સામાન્ય સભ્યનું વાર્ષિક લવાજમ ચાલુ સાલના પ્રથમ છ માસ સુધીમાં આવેલ નહી હોય તેવા સભ્યને સભામાં મત આપવાનો અધિકાર રહેશે નહી, પરંતુ પ્રમુખશ્રીની પરવાનગીથી બાકી રહેલું લવાજમ તે સભામાં ભરી આપી પોતાનો મત આપી શકશે.

## ૧૧. સભાઓ :

સમાજની નીચે મુજબની ત્રણ પ્રકારની સભાઓ બોલાવી શકાશે.

- સામાન્ય સભા : સમાજનું હિસાબી વર્ષ પુરુ થતાં પ્રથમ છ માસની અંદર એક સામાન્ય સભા બોલાવવામાં આવશે. પરંતુ જરૂરત જણાય તો વર્ષ દરમિયાન પણ સામાન્ય સભા બોલાવી શકાશે.

- ખાસ સામાન્ય સભા : સમાજની કારોબારી સમિતિને ખાસ કારણસર જરૂર જણાય અથવા સમાજના ૧૦૦ સભ્યોની લેખિત માગણીથી સભા બોલાવવામાં આવે તેને સમાજની ખાસ સામાન્ય સભા કહેવામાં આવશે.

- અસાધારણ સામાન્ય સભા : સમાજના બંધારણ અને ધારાધોરણોમાં સુધારા વધારા કરવા માટે બોલાવવામાં આવેલ સભાને અસાધારણ સામાન્ય સભા કહેવામાં આવશે.

## ૧૨. સામાન્ય સભાની ફરજો અને અધિકારો :

- સામાન્ય સભા આ સમાજની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો વહીવટ કરવા માટે ૧૧ ટ્રસ્ટીઓની ચંટણી કરશે. આમ ચૂંટાયેલ ટ્રસ્ટી મંડળનો કાર્યક્રમ છ વર્ષનો રહેશે. પરંતુ છ વર્ષની મુદત પૂરી થવા છતાં જ્યાં સુધી નવા ટ્રસ્ટીમંડળની ચૂંટણી ન થાય ત્યા સુધી અગાઉ ચૂંટાયેલા ટ્રસ્ટીઓ ટ્રસ્ટીપદે ચાલુ રહેશે.

- સમાજનું રોજબરોજનું કાર્ય તેમજ વહીવટ ચલાવવા માટે સામાન્ય સભા સમાજના સભ્યોમાંથી એક પ્રમુખ અને કારોબારી સમિતિના ૪૦ સભ્યો એમ કુલ ૪૧ સભ્યોની કારોબારી સભ્યોની ચૂંટણી કરશે. આમ ચૂંટાયેલ કારોબારી સમિતિનો કાર્યક્રમ ત્રણ વર્ષના રહેશે. જ્યાં સુધી નવી કારોબારીની ચૂંટણી ન થાય ત્યાં સુધી ચાલુ કારોબારી સમિતિ પોતાના હોદા પર ચાલુ રહેશે.

- કચ્છ તેમજ કચ્છ બહાર સ્થાપાયેલ સમાજો દ્વારા મોકલાયેલ પ્રતિનિધિને માન્યતા આપી એક ઉચ્ચ અધિકાર પ્રાપ્ત સમિતિની રચના કરશે જેને સમાજની રાષ્ટ્રીય મહાસમિતિ તરીકે ઓળખવામાં આવશે.

## ૧૩. સભાઓની કાર્યવાહી તેમજ કાર્યપદ્ધતિ :

સજાજ દ્વારા બોલાવવામાં આવેલ સભાઓમાં નીચે મુજબનાં કાર્યો કરવામાં આવશે.

૧. સામાન્ય સભા : સમાજની સામાન્ય સભામાં નીચે મુજબનાં કાર્યો કરવામાં આવશે.

- ગત સામાન્ય સભાની મિનિટસનું વાંચન અને બહાલી.

- સમાજનો વાર્ષિક અહેવાલ તથા આવકજાવકનો ઓડીટ થયેલ હિસાબની રજુઆત તેમજ બહાલી

- નવા સત્ર માટે પ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી કરવી.

- જુદા જુદા સમાજો દ્વારા મોકલાવેલા પ્રતિનિધિઓને માન્યતા આપવી.

- સમાજનો આવકજાવકનો હિસાબ ઓડિટ કરવા માટે ત્રણ ઓડીટર્સની નિમણૂંક કરવી.

- આગામી વર્ષ માટે સમાજનું આવક જાવકનું અંદાજપત્ર મંકૂર કરવું.

૨. ખાસ સામાન્ય સભા : અનિવાર્ય સંજોગોમાં ખાસ કારણસર સમાજની ખાસ સામાન્ય સભા બોલાવવાનો અધિકાર સમાજના પ્રમુખ અને મહામંત્રીને રહેશે. સમાજના ૧૦૦ સભ્યોની કારણ દર્શાવતી લેખિત માગણી આવવાથી મહામંત્રી સમાજની ખાસ સામાન્ય સભા આવી અરછ મળવાથી એક માસની અંદર બોલાવશે અને અરછ બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવશે. મહામંત્રી આવી લેખિત અરછ આવ્યા પછી એક માસની અંદર સમાજની ખાસ સામાન્ય સભા ન બોલાવે તો આવી અરછ કરનાર સભ્યો પોતાની સહીઓથી બંધારણને આધીન રહીને આવી સભા બોલાવી શકશે. પરંતુ આવી રીતે બોલાવેલ સભામાં સભા બોલાવનાર સભ્યો પૈકીના ૯૦ ટકા સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

3. અસાધરણ સામાન્ય સભા : સમાજના બંધારણ અને ધારાધોરણોમાં ફેરફાર કરવા બોલાવવામાં આવેલ સભામાં બંધારણને આધીન રહીને ફેરફાર કરી શકાશે.

નોધ : સામાન્ય સભા, ખાસ સામાન્ય સભા તેમજ અસાધારણ સામાન્ય સભા બોલાવવા માટે 30 દિવસની નોટિસની જરૂરત રહેશે.

## ૧૪. આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) :

સમાજની સભાઓનું કાર્ય પ્રારંભ કરવા માટે નીચે મુજબ આવશ્યક ઉપસ્થિતિની જરૂરત રહેશે.

૧. સામાન્ય સભા : સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક કોરમ સમાજના નોધાયેલ ૨૦૦ સભ્યો અથવા નોંધાયેલ સભ્ય સંખ્યાનો ૧ I ૧૦ ભાગ આ બન્નેમાંથી જે ઓછી સંખ્યા હોય તે રહેશે. સભાના ઠરાવાયેલા સમયથી અડધા કલાક બાદમાં પણ જરૂરી આવશ્યક કોરમ ન થાય તો સભા મુલત્વી રહેશે. આવી મુલત્વી રહેલ સભા સભાના ઠરાવેલ સમયથી અડધા કલાક બાદ ફરીથી મળી શકશે અને તેમાં આવશ્યક કોરમની જરૂરત રહેશે નહિં. આવી સભ ામાં મૂળ સભા બોલાવવાના કાર્યક્રમ સિવાય બીજા કોઈ પણ કાર્યક્રમની ચર્ચાવિચારણા થઈ શકશે નહી.

૨. ખાસ સામાન્ય સભા : આવી સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક કોરમ સામાન્ય સભા મુજબની જ રહેશે.

૩. અસાધારણ સામાન્ય સભા : આવી સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક કોરમ સામાન્ય સભા મુજબની જ રહેશે. પરંતુ બંધારણમાં સુધારો સૂચવતો ઠરાવ પસાર કરવા માટે સભામાં ઉપસ્થિત ૨ I ૩ સભ્યોની સહમતી જરૂરી રહેશે.

નોંધ : આવશ્યક કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અસલ સભાના ઠરાવેલ સમયથી અડધા કલાક પછી ફરીથી બોલાવવાની હોય તો તેની જાણ અસલ સભા બોલાવવાના પરિપત્રમાં હોવી જરૂરી રહેશે.

## ૧૫. સભ્યોના હક્કો તેમજ ફરજો :

સમાજના દેકે પ્રકારના સભ્યો નીચે મુજબના હક્કો ભોગવી શકશે તેમજ ફરજોનું પાલન કરશે.

- સમાજના દરેક પ્રકારના સભ્યોને સમાન હક્ક રહેશે.

- સમાજની દરેક પ્રકારની સભાઓમાં મત આપવાનો અધિકાર રહેશે પરંતુ સભ્યો જાતે સભામાં હાજર રહી પોતાનો આપી શકશે.

- પ્રમુખ, કારોબારી સમિતિ તેમજ ટ્રસ્ટીમંડળના સભ્ય માટે ઉમેદવારી નોંધાવી શકશે.

- સમાજના બંધારણને આધિન રહીને સમાજની મિલકતો તેમજ અન્ય સગવડોનો વપરાશ કરવાનો તેમજ સમાજના દરેક સમારંભમાં ભાગ લેવાનો અધિકાર રહેશે.

- સમાજનો આવક જાવકનો હિસાબ તપાસવાનો અધિકાર રહેશે પરંતુ હિસાબ જોવા માગતા સભ્યે તે બાબતે લેખિત અરછ સમાજના મહામંત્રીને ૨૧ દિવસ અગાઉ આપવાની રહેશે.

- સમાજની સભાઓમાં બંધારણને આધિન રહીને સમાજથી સબંધિત કોઈપણ વિષય બાબત પોતાનો ઠરાવ રજૂ કરી શકશે. આવા ઠરાવની લેખિત પૂર્વ સૂચના સમાજના મહામંત્રીને સભાના ઠરાવેલ દિવસથી એક દિવસ આગળ આપવાની રહેશે. પરંતુ પ્રમુખશ્રીની મંજુરીથી તેવો ઠરાવ ચાલુ સભામાં પણ રજૂ કરી શકશે.

-સમાજના કોઈપણ ઓછામાં ઓછા ૧૦૦ સભ્યો સમાજની સભા બોલાવવા માટે લેખિત કારણો જણાવી સમાજના મહામંત્રી મરફતે પ્રમુખશ્રીને અરછ કરી શકશે. આવી લેખિત અરજી મળ્યા બાદ એક માસની અંદર મહામંત્રી સમાજની સભા ન બોલાવે તો ત્યારબાદ અરજદારોને પોતાની સહીઓથી સમાજની સભા બોલાવવાનો અધિકાર રહેશે. પરંતુ આવી રીતે બોલાવેલ સભામાં સભા બોલાવનાર પૈકીના ૯૦ ટકા સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

- સમાજે વખતોવખત પસાર કરેલ બધા નિયમો તેમજ ઠરાવોનું પાલન કરશે તેમજ સમાજના ઉદેશો પાર પાડવા જરૂરી સહાયતા કરવાની પોતાની ફરજ સમજશે.

## ૧૬. કારોબારી સમિતિ :

સમાજનું રોજબરોજનું કાર્ય ચલાવવા માટે પ્રત્યેક ત્રીજા વર્ષે મળનાર સમાજની સામાન્ય સભા એક પ્રમુખ અને ૪૦ સભ્યો એમ કુલ ૪૧ સભ્યોની એક કારોબારી સમિતિની ચૂંટણી કરશે. સામાન્ય સભામાં ચૂંટાયેલા પ્રમુખ તેમજ કારોબારી સમિતિના સભ્યો પોતાની પ્રથમ સભામાં કારોબારી સભ્યોમાંથી ત્રણ ઉપપ્રમુખો, એક મહામંત્રી, ત્રણમંત્રીઓ, એક ખજાનચી તેમજ એક સહ ખજાનચીની ચૂંટણી કરશે. આમ ચૂંટાયેલા સમાજના હોદેદારો નવા હોદેદારો ન ચૂંટાય ત્યાં સુધી સમાજનું કાર્ય સંભાળશે.

આવી ચૂંટાયેલ કારોબારી સમિતિ જરૂર જણાતાં વધુમાં વધુ ૧૦ સભ્યોને કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે લઈ શકશે અને જરૂર જણાયતો આમંત્રિત સભ્યો, તેમજ પેટ-સમિતિના કન્વીનર્સ અને સહકન્વીનર્સને પણ બોલાવી શકશે. આમ કો-ઓપ્ટ લેવાયેલ સભ્યો, પેટા સમિતિઓના કન્વીનર્સ અને સહકન્વીનર્સ તેમજ આમંત્રિત સભ્યો પણ કારોબારી સમિતિના સભ્યો ગણાશે.

## ૧૭. કારોબારી સમિતિની ફરજો અને અધિકારો :

- સામાન્ય સભામાં ચૂંટાયેલા કારોબારી સમિતિનાં સભ્યો પોતાની પ્રથમ સભામાં પોતાનામાંથી કોલમ ૧૬ અનુસાર સમાજના પદાધિકારીઓની ચૂંટણી કરશે.

- પ્રમુખ સિવાય કોઈપણ કારોબારી સભ્યની અથવા હોદેદારોની જગ્યા મરણથી, રાજીનામાથી અથવા અન્ય કોઈ કારણસર ખાલી પડે તો તે જગ્યા પૂરવાનો કારોબારી સમિતિને અધિકાર રહેશે.

- વર્ષમાં કારોબારી સમિતિની ઓછામાં ઓછી ત્રણ સભા મહામંત્રી બોલાવશે અને આવી સભાની જાણ કરતા પરિપત્રો સમિતિના સભ્યોને નિર્ધારિત સભાના દિવસથી ૩૦ દિવસ અગાઉ આપવાના રહેશે. પરંતુ કોઈ અગત્યના કારણસર તાકીદની સભા મહામંત્રી ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ ખબર આપી બોલાવી શકશે.

-કારોબારી સમિતિની એક સભા મળિગયા પછી જો છ મહિના સુધીમાં બીજી સભા મહામંત્રી તરફથી બોલાવવામાં ન આવે તો કારોબારી સમિતિના કોઈપણ આઠ સભ્યો મહામંત્રી અથવા પ્રમુખશ્રીને કારોબારી સમિતિની સભા બોલાવવાની વિનંતી કરી શકશે. આવી વિનંતી કર્યા છતાં પણ જો તેવી સભા બોલાવતી નોટિસ એક અઠવાડિયામાં ન મોકલાય તો કારોબારી સમિતિના કોઈ પણ આઠ સભ્યો બંધારણને આધીન રહીને કારોબારી સમિતિની સભા બોલાવી શકશે. પરંતુ આવી રીતે બોલાવાયેલ સભામાં સભા બોલાવનાર સભ્યો પૈકીના ૯૦ ટકા સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

-કારોબારી સમિતિની સભાઓનું કાર્ય પ્રારંભ કરવા માટે કોરમ સમિતિના કુલ સભ્યોના ૧|૩ સભ્યોની રહેશે. કોરમના અભાવે મુલત્વી રહેલ અસલ સભાના ઠરાવાયેલ સમયબાદ અડધા કલાક પછી મળી શકશે, જેમાં કોરમની જરૂરત રહેશે નહિં. અને આવી સભામાં અસલ સભાના પરિપત્રમાં જણાવાયેલ કાર્યક્રમ સિવાય અન્ય કાર્યક્રમની ચર્ચા વિચારણા થઈ શકશે નહિં.

- સમાજનું કાર્ય સુચારુ રીતે ચલાવવા માટે જરૂરી જણાય તો પેટા સમિતિઓ નીમી શકશે. આવી નિમાયેલ પેટા સમિતિના સભ્યો સમાજના સભ્યો હોવા જરૂરી રહેશે.

- નિર્માણ સમિતિઓ પેટા સમિતિઓ અને અન્ય જરૂરી સમિતિઓ નીમી શકશે. આવી પેટા અને અન્ય જરૂરી સમિતિઓ સ્થાનિક ક્ષેત્રે સમાજના નામે જમીન ખરીદી શકશે, બાંધકામો કરી શકશે અને ભંડોળ એકત્ર કરી રાખી શકશે, સંસ્થાના

નિર્માણ અને વહીવટમાં યોગ્ય પ્રમાણે વાપરી શકશે અને તેનો અહેવાલ કારોબારી સમિતિને આપશે. આવી સમિતિ, પેટા સમિતિઓ અને અન્ય જરૂરી સમિતિઓના નામો જે તે વિભાગ આપશે જેને સમાજ માન્યતા આપશે.

- આવી કોઇ પણ પેટા સમિતિને બંધારણના નિયમો આધીન રહીને પોતાની કાર્યવાહી અને તેને લગતા નિયમો બનાવવાની સતા રહેશે પરંતુ આવા નિયમો માટે કારોબારી સમિતિની મંજુરી લેવાની રહેશે.

- સમાજના હિત માટે જેમાં સામાન્ય સભાની મંજૂરીની જરૂરયાત ન રહેતી હોય તેવી બધી પ્રવૃતિઓ બંધારણના નિયમોને આધીન રહીને કારોબારી સમિતિ કરી શકશે અને જરૂર જણાય તો તે માટે પેટાનિયમો પણ બનાવી શકશે.

- હિસાબી વર્ષ પૂરું થયે સમાજનો ઓડિટ થયેલો આવક જાવકનો હિસાબ અહેવાલ છ માસની અંદર કારોબારી સમિતિના દરેક સભ્યોને પહોંચાડવાનો રહેશે.

- કારોબારી સમિતિ કોઈ પણ બેન્ક કે બેન્કોમાં સમાજના નામે ખાતાં ખોલાવી શકશે અને તેવાં ખાતાંનો વહીવટ પ્રમુખ, ઉપપ્રમુખો, મહામંત્રી, મંત્રીઓ અને ખજાનચી એમ કુલ ૯ હોદેદારો પૈકીના કોઈપણ બે હોદેદારોની સંયુક્ત સહીઓથી ખાતાં ચલાવી શકશે પરંતુ સહી કરનાર આવા બે હોદેદારો પૈકીમાં એક સહી મહામંત્રી અથવા ખજાનચીની હોવી જરૂરી રહેશે.

- કારોબારી સમિતિ રૂ. ૧ લાખ સુધીનો ખર્ચ સમાજની સામાન્ય સભાની પૂર્વ મંજુરી વિના કરી શકશે. પરંતુ આવા કરેલ ખર્ચને ત્યાર પછીની મળનાર પ્રથમ સામાન્ય સભામાં રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

- જ્યાં સુધી નવી કારોબારી સમિતિ ન ચૂંટાય ત્યાં સુધી ચાલુ કારોબારી સમિતિ સમાજના કાર્યનું સંચાલન કરશે.

- કારોબારી સમિતિના સભ્યોમાંથી કોઈપણ સભ્ય સમિતિની લાગલગાટ ત્રણ સભાઓમાં લેખિત અથવા મૌખિક કારણ આપ્યા વિના ગેરહાજર રહેશે તો તેવા સભ્ય પાસેથી યોગ્ય ખુલાસો મેળવ્યા બાદ, જરૂરી જણાંતા સમિતિમાંથી રદ કરી શકશે.

-કારોબારી સમિતિના નિર્ણયો બહુમતીથી લેવામાં આવશે. પ્રમુખ તેમજ મહામંત્રી ને જરૂર જણાય તો કોઈપણ ઠરાવ બાબત નિર્ણય પરિપત્રો દ્વારા કારોબારી સમિતિના સભ્યોના મત જાણી બહુમત મુજબ નિર્ણય લઈ શકશે અને આમ લીધેલ નિર્ણય કારોબારી સમિતિના નિર્ણય પૈકીનો ગણાશે. સભ્યોના મત લેખિત રૂપે લેવાના રહેશે.

## ૧૮. પ્રમુખની સત્તાઓ અને ફરજો :

- સમાજની દરેક પ્રકારની સભાઓનું પ્રમુખસ્થાન સંભાળશે અનેસભાઓનું સંચાલન કરશે. પ્રમુખની ગેરહાજરીમાં હાજર રહેલા ઉપપ્રમુખોમાંથી કોઈ એક સભાનું પ્રમુખસ્થાન સંભાળશે અને જો ઉપપ્રમુખો પણ ગેરહાજર હોય તો સભા પોતાના સભ્યો પૈકીના કોઈ એક સભ્યને પ્રમુખ તરીકે ચૂંટી શકશે અને આવી ચૂંટાયેલ વ્યકિત તે સભા પૂરતી પ્રમુખના બધા અધિકારો ભોગવશે.

- સભામાં મતદાન વખતે પ્રમુખ પોતાનો સભ્ય તરીકેનો મતનો ઉપયોગ કરી શકશે. પરંતુ બન્ને પક્ષે સરખી સંખ્યામાં મતો પડે તો તે વખતે પ્રમુખને વધારાનો નિર્ણાયક મત આપવાનો અધિકાર રહેશે.

- બંધારણના નિયમોને આધિન રહીને કોઈ પણ પ્રકારની સભા બોલાવવાનો અધિકાર રહેશે.

- સમાજના બંધારણમાં લખાયેલ શબ્દ અથવા વાક્યના અર્થ બાબત મતભેદ ઊભો થતાં તેવા શબ્દ અથવા વાક્ય બાબત પ્રમુખે કરેલ અર્થ આખરી ગણાશે અને તેમનો નિર્ણય સૌ સભ્યોને માન્ય તેમજ બંધનકારક રહેશે.

- કોઈપણ યોગ્ય કારણસર સભાઓ મુલત્વી રાખી શકશે તેમજ સભાના એજન્ડા સિવાયના અન્ય કોઈપણ વિષય પર ચર્ચા વિચારણા કરવાની મંજુરી આપવાનો અધિકાર રહેશે.

- સભામાં ચર્ચા દરમિયાન કોઈ પણ સભ્યનું વકતવ્ય સમાજને કે કોઈ વ્યકિતને હાનિ કર્તા જણાશે તો તેવા સભ્યનું વકતવ્ય અટકાવી શકશે.

- પ્રમુખ નવા સત્ર માટે ચૂંટણી  થયા પછી બીજા પ્રમુખ ચૂંટાઈને પ્રમુખ તરીકેનો હોદો ન સંભાળે ત્યાં સુધી પ્રમુખ તરીકે ચાલુ રહેશે.

- જરૂર જણાતાં પ્રમુખ રૂા. ૧૫ હજાર સુધીનું ખર્ચ કારોબારી સમિતિની પૂર્વ મંજુરી વિના કરી શકશે પરંતુ આવા થયેલ ખર્ચને ત્યાર પછીની મળનાર કારોબારીની પ્રથમ સભામાં રજૂ કરી મંજુરી મેળવવાની રહેશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાજીનામું સમાજના ઉપપ્રમુખને સોપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુકત થઈ શકશે.

## ૧૯. ઉપપ્રમુખોની સત્તાઓ અને ફરજો :

- પ્રમુખને સમાજના દરેક કાર્યોમાં જરૂરી મદદ કરશે.

- પ્રમુખની ગેરહાજરીમાં પ્રમુખની બધી સત્તાઓ ભોગવશે તેમજ ફરજોનું પાલન કરશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાજીનામું સમાજના પ્રમુખને સોપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુકત થઈ શકશે.

## ૨૦. મહામંત્રીની સત્તાઓ અને ફરજો :

- સમાજની દરેક પ્રાકરની સભાઓ બંધારણને આધીન રહીને બોલાવી શકશે. સભાની જાણ સભ્યોને સભાના ઠરાવેલ દિવસથી 30 દિવસ પહેલાં એજન્ડા સાથે પરિપત્ર દ્વારા આપશે. જરૂરી જણાય તો બંધારણના નિયમો મુજબ આથી ઓછા સમયમાં પણ સભ્યોને જાણ કરી સમાજની સભા બોલાવી શકશે.

- પ્રમુખની સલાહ અને સૂચનાથી સભાઓની કાર્યવાહીની નોધ રાખશે અને સમાજના કાર્યોનું યોગ્ય સંચાલન કરશે.

- સમાજે વખતોવખત પસાર કરેલ ઠરાવોનો યોગ્ય અમલ કરશે તેમજ કરાવશે.

- સમાજના રોજ બરોજના વહીવટ માટે જરૂરી કર્મચારીઓની નિમણૂંક કરશે. તેમના ઉપર નિયંત્રણ રાખશે, દોરવણી આપશે, છૂટા કરી શકશે તેમજ યોગ્ય લાગે તે રીતે બીજી કાર્યવાહી બંધારણને આધીન રહીને કરશે.

- સમાજના સભ્યોની યાદી રાખશે અને લવાજમની વસુલાત કરાવશે.

- સમાજના કોઈપણ સભ્ય તરફથી સમાજનો હિસાબ જોવા બાબત લેખિત નોટિસ મળવાથી તેવા સભ્યને બંધારણને આધીન રહીને યોગ્ય સમયમાં સમાજનો હિસાબ બતાવવાની વ્યવસ્થા કરશે.

- સમાજને મળનાર ભેટોનો પ્રમુખ વતીથી સ્વીકાર કરી યોગ્ય પહોંચો અપાવશે.

- સમાજની કારોબારી સમિતિએ કરેલ કાર્યો તેમજ બનાવેલ પેટા નિયમોનો અહેવાલ સમાજની સામાન્ય સભામાં રજૂ કરશે.

- સમાજનું રોજબરોજનું કાર્ય ચલાવવા માટે રૂ. ૧૦ હજાર સુધીનું ખર્ચ કરવાનો અધિકાર રહેશે અને તેવા ખર્ચની મંજૂરી ત્યારપછીની મળનાર કારોબારી સમિતિની પ્રથમ સભામાં મેળવવાની રહેશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાજીનામું સમાજના પ્રમુખને સોપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુક્ત થઈ શકશે.

## ૨૧. મંત્રીની સત્તાઓ અને ફરજો :

- વહીવટ તેમજ અધિકારની દ્રષ્ટિએ મંત્રીઓ સમાજના મહામંત્રીને આધીન રહીને કાર્યો કરશે.

- મહામંત્રીની ગેરહાજરીમાં જરૂરી સાથ અને સહકાર આપશે.

- મહામંત્રીની ગેરહાજરીમાં મહામંત્રીની બધી સત્તાઓ ભોગવશે તેમજ ફરજોનું પાલન કરશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાજીનામું સમાજના મહામંત્રીને સોપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુક્ત થઈ શકશે.

## ૨૨. ખજાનચીની સત્તાઓ અને ફરજો :

- સમાજનો આવક જાવકનો વ્યવસ્થિત હિસાબ રાખશે. તેમજ ખર્ચનાં વાઉચરો, ચોપડાઓ, લોનો, ડીપોઝીટો તેમજ જામીનગીરીઓ વગેરેના દસ્તાવેજો બરાબર રાખશે.

- સમાજના સભ્યો પાસેથી નિયમોનુસાર સભ્ય ફી વસુલ કરશે અને તેની યોગ્ય પહોંચો આપશે.

- સમાજના મહામંત્રીની સહમતીથી સમાજના કર્મચારીઓના પગાર કરશે.

- કારોબારી સમિતિની સૂચના મુજબ સમાજની જમા રહેતી રોકડા રમકનું રોકાણ કરશે.

- મહામંત્રીની સૂચનાથી સમાજના સભ્યોને સમાજનો આવકજાવકનો હિસાબ બતાવશે.

- સમાજનનું હિસાબી વર્ષ પૂરુ થયે યોગ્ય સમયની અંદર સમાજનો આવક જાવકનો હિસાબ પૂરો કરી ઓડિટ કરવા માટે સમાજના ઓડિટરોને સોપશે અને ઓડીટ થયા બાદ ઓડીટ થયેલો હિસાબ સમાજની મળનાર પ્રથમ કારોબારી સમિતિમાં રજૂ કરશે.

-વર્ષની શરૂવાતમાં સમાજનો નવા વર્ષ માટે અંદાજિત આવકજાવકનો અંદાજપત્ર તૈયાર કરી સમિતિ સમક્ષ સભામાં મંજૂરી માટે રજૂ કરશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાછનામું સમાજના મહામંત્રીને સોંપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુકત થઈ શકશે.

## ૨૩. સહખજાનચીની સત્તાઓ અને ફરજો :

-સમાજના ખજાનચીનાં કાર્યોમાં જરૂરી સાથ અને સહકાર આપશે.

- ખજાનચીની ગેરહાજરીમાં ખજાનચીની બધી સત્તાઓ ભોગવશે અને ફરજોનું પાલન કરશે.

- પોતાના કાર્યકાળ દરમિયાન હોદાથી છૂટવા માગતા હોય તો તેઓ યોગ્ય કારણ જણાવતું પોતાનું લેખિત રાછનામું સમાજના મહામંત્રીને સોંપી શકશે, જે કારોબારી સમિતિમાં મંજૂર થયેથી પોતાની ફરજથી મુકત થઈ શકશે.

## ૨૪. ટ્રસ્ટી મંડળની સત્તાઓ અને ફરજો :

- સમાજની સ્થાવર મિલકતોનો બંધારણના નિયમોને આધીન રહીને વહીવટ કરશે અને દસ્તાવેજોની સાચવણી કરશે.

- સ્થાવત મિલકતોની જાળવણી માટે યોગ્ય વેતન આપી કર્મચારી નિમશે, નિયંત્રણ રાખશે તેમજ છૂટા કરી શકશે.

- સમાજની સામાન્ય સભા અથવા અસાધારણ સામાન્ય સભા બહુમતીથી ટ્રસ્ટીમંડળના કોઈપણ સદસ્યની નાદારી, અપ્રમાણિકતા, ગાંડપણ અથવા મગજની અસ્થિરતા અને કોર્ટદ્વારા ફોજદારી ગુનેગાર ઠરાવાયેલા સદસ્યને ટ્રસ્ટીપદેથી મુકત કરી શકશે.

નોંધ : ટ્રસ્ટીમંડળનો કોઈપણ સદસ્ય અપ્રમાણિક છે કે નહિ તે બાબતનો આખરી નિર્ણય સમાજની કારોબારી સમિતિ પોતાના કુલ સભ્યોની બે તૃતીયાંશ બહુમતીથી કરશે અને આ બાબત કારોબારી સમિતિને લીધેલ નિર્ણય જ આખરી ગણાશે અને તે બાબત કોઈપણ જાતનો હક્ક કે દાવો કરી શકશે નહી.

- ટ્રસ્ટીમંડળ પોતાની પ્રવૃતિઓની વખતો વખત કારોબારી સમિતિને જાણ કરતા રહેશે.

- રાછનામું મૃત્યુ અથવા કોઈ કારણસર ટ્રસ્ટીમંડળના સદસ્યની ખાલી થયેલી જગ્યાની કારોબારી સમિતિ પૂર્તિ કરી શકશે.

## ૨૫. રાષ્ટ્રીય મહાસમિતિની સત્તાઓ અને ફરજો :

- આ સમિતિ સમાજના ઉદેશો સાકાર કરવા માટે નીતિ વિષયક નિર્ણયો લઈ તેના અમલીકરણ માટે કારોબારી સમિતિને નિર્દેશ કરી શકશે.

- સમયોચિત સમાજોપયોગી કાર્યો કરવાનો કારોબારી સમિતિને નિર્દેશ કરી શકશે.

- આ સમિતિની સભા મહામંત્રી વર્ષમાં એક વખત કચ્છ અથવા કચ્છ બહાર ત્રીસ દિવસની નોટિસથી બોલાવશે અને તેવી સભામાં થયેલ કાર્યવાહીની જાણ સમાજની સામાન્ય સભામાં કરશે.

## ૨૬. ઓડિટર્સ :

સમાજની સામાન્ય સભા સમાજનો આવકજાવકનો હિસાબ ઓડિટ કરવા ત્રણ ઓડીટર્સની ચૂંટણી ત્રણ વર્ષ માટે કરશે. આવા ચૂંટાયેલ ઓડિટરો વર્ષના અંતે મહામંત્રી દ્વારા તેમને સોપાયેલ સમાજનો હિસાબ ખજાનચીની મદદથી તપાસી યોગ્ય સમયમાં મહામંત્રીને પોતાની સહી સિક્કા કરી ઓડિટ રિપોર્ટ સાથે પરત આપશે.

## ૨૭. કાર્ય પ્રદ્ધતિ :

- સમાજની સભાઓમાં બંધારણમાં નિર્દિષ્ટ અપવાદો સિવાય બહુમતીથી નિર્ણયો લેવામાં આવશે.

- બન્ને પક્ષે સમાન મત પડે તેવા પ્રસંગે પ્રમુખ પોતાનો વધારોનો નિર્ણાયક મત આપી નિર્ણય જાહેર કરી શકશે.

- સમાજના પ્રમુખ તેમજ મહામંત્રીને જરૂરી જણાયતો કોઈપણ ઠરાવ બાબત નિર્ણય પરિપત્રો દ્વારા સમાજના સભ્યો - કારોબારી સમિતિના સભ્યોના મત જાણી બહુમત મુજબ નિર્ણય લઈ શકશે. આમ લીધેલ નિર્ણય સમાજનો-કારોબારી સમિતિના નિર્ણય પૈકીનો ગણાશે. પરિપત્ર દ્વારા લેવાતા સમાજના સભ્યો -કારોબારી સમિતિના સભ્યોના મત લેખિતરૂપે લેવાના રહેશે.

## ૨૮. સમાપન :

સમાજનો ઉદેશ કોઈપણ જાતનો આર્થિક નફો કરવાનો નથી અને જો કોઈપણ સંજોગોમાં સમાજ ચલાવવાનું શકય ન હોય તો આ સમાજની અસ્કયામતો ઉપર સભ્યોનો હક્કે કે હિસો રહેશે નહી અને સભ્યોમાં વહેંચણી પણ કરવામાં આવશે આવશે નહી, પરંતુ એવા સંજોગોમાં આવા જ ઉદેશો માટે કાર્ય કરતી અથવા એને લગતા ઉદેશો માટે કાર્ય કરતી યોગ્ય સંસ્થાને આવી બધી અસ્કયામતો સોપી દેવામાં આવશે. સમાજના સમાપનનો આવો નિર્ણય સમાજની સામાન્ય સભામાં ઉપસ્થિત સભ્યોની બે તૃતીયાંશ બહુમતીથી કરવામાં આવશે.

## ૨૯. સુધારલ બંધારણનો અમલ :

તા. ૨૪-૮-૯૪ના રોજે શ્રી પાટીદાર વિદ્યાર્થીભવન, નખત્રાણા કચ્છ ખાતે સમાજના પ્રમુખ શ્રી પુંજા રામાણીના અધ્યક્ષ સ્થાને મળેલ સમાજની સામાન્ય સભામાં આ સુધારેલ બંધારણને માન્ય રાખી સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ છે. આ સુધારેલ બંધારણનો અમલ તા. ૨૫-૮-૯૪ થી કરવામાં આવશે. હાલે ચાલુ કારોબારી સમિતિ તેમજ અન્ય પેટા સમિતિઓ કાયમ રહેશે અને સુધારેલ બંધારણ મુજબ ખૂટતા સભ્યોની ચૂંટણી કરી શકશે અને તે માટે આ સામાન્ય સભા કારોબારી સમિતીને અધિકાર આપે છે.

| આ બંધારણ ઘડનાર બંધારણ સમિતિના સભ્યોનાં નામ નીચે મુજબ છે. | | |
|---|---|---|
| ૧. | શ્રી અખઈભાઈ પ્રેમજી માનાણી | નાગપુર |
| ૨. | શ્રી ખીમછભાઈ લખમશી લીબાણી | કલકતા |
| ૩. | શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર | મુંબઈ |

| | | |
|---|---|---|
| ૪. | શ્રી નારાયણભાઈ રામજી પોકાર | ભુજ |
| ૫. | શ્રી હંશરાજભાઈ દેવજી ધોળુ | ભુજ |
| ૬. | શ્રી પ્રી. રતીભાઈ લભાભાઈ છાભૈયા | તલોદ |
| ૭. | શ્રી વાલછભાઈ શીવજી વાડીયા | જામનગર |
| ૮. | શ્રી કરશનભાઈ વિશ્રમ પોકાર | ન્યુ દિલ્હી |
| ૯. | શ્રી અબછભાઈ વિશ્રમ દિવાણી | ભુજ |
| ૧૦. | શ્રી તેજાભાઈ દેવજી સાંખલા | ગાંધીધામ |
| ૧૧. | શ્રી શિવગણભાઈ શીવજી છાભૈયા | સિકંદરાબાદ |

(શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ચતુર્થ અધિવેશન સોવેનિયર પર આધારીત )